**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-78 અતિઆધુનિક સુવિધાજનક પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્સ રૂ. ૩ કરોડ ની રકમ માર્ગ અને મકાન ના હવાલે મૂકવા બાબત**

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસજય/૧૦૨૦૧૩/S.F.51/ધ
સચિવાલય, ગાંધીનગર
તા.30-03-૨૦૧૩

વંચાણે લીધાઃ-

આ વિભાગના તા. ૧૫/૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ

આમુખઃ-

રાજ્ય સરકારે ઉપર વંચાણમાં દર્શાવેલ તા. ૧૫/૦૫/૨૦૧૩ ના ઠરાવથી સ્વર્ણિમ જ્યંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકેલ છે જે અંતર્ગત

- રાજયના પ્રવાસનના સ્થળો જેવા આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રસિધ્ધિ પામેલા સ્થળો ઉપર સ્થાનિક યાત્રિકો, પ્રવાસીઓ ઉપરાંત આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રિય પ્રવાસીઓની સગવડ માટે તેમના દ્વારા ઉપયોગમાં લેવાતાં રાષ્ટ્રિય ધોરીમાર્ગ, રાજય ધોરીમાર્ગ, જિલ્લાના મુખ્ય માર્ગો અને જે તે મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારના મુખ્યમાર્ગો ઉપર આધુનિક સુવિધા ધરાવતાં જાહેર પે એન્ડ યુઝ પ્રકારના શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સહાય ચૂકવવાની જોગવાઇ છે. .

આમ આ ઘટક હેઠળ અંબાજી, સિધ્ધપુર, ડાકોર, પાવાગઢ, પાલીતાણા, ચોટીલા, પોરબંદર, જુનાગઢ, સાસણગીર, કચ્છ – ભૂજ, સોમનાથ, દ્વારકા વિગેરે જેવા સ્થળોએ જવા – આવવાના રાષ્ટ્રીય / રાજય ધોરીમાર્ગો ઉપરના સ્થળોએ બ્લોક દીઠ રૂ. ૫૦ લાખના ખર્ચે અતિઆધુનિક સુવિધાથી સજ્જ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગેની વિવિધ ડીઝાઇનો તથા પ્રવર્તમાન એસઓઆર/ એસ્ટીમેટસ મુજબ BOT ના ધોરણે ડેવલપ કરવા માટેની શરતો અંગે R&B વિભાગ સાથે પરામર્શ કરવામાં આવેલ હતો. જે અન્વયે કાળજી પૂર્વકની વિચારણા ના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ ક્રમાંક સજય/૧૦૨૦૧૩/S.F.51/ધ તા.30-03-૨૦૧૩

10 APR 2013

ઠરાવ :-

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (UDP-78) અંતર્ગત સામાજિક આંતરમાળખાકિય સુવિધાના ઘટક હેઠળ રાજ્યના છ શહેરો હિંમતનગર, ખેડબ્રહ્મા, ચોટીલા, લીંબડી, ગોંડલ અને જેતપુર માટે અતિઆધુનિક સુવિધાઓથી સજ્જ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બનાવવા માટે પ્રતિયુનિટ રૂ. ૫૦ લાખ લેખે હાલ કુલ રૂ. 3 કરોડના કામો માટે આથી સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવે છે.

આ કામ માટે રૂ. ૩.૦૦ કરોડની રકમ નીચેની શરતોને આધીન મુખ્ય ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય) ના હવાલે મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતોઃ-

૧. આ રકમ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના - ૨૦૧૨ (UDP-78) ની જોગવાઇ માંથી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ હસ્તક મૂકેલ ગ્રાન્ટમાંથી મેળવવાની રહેશે.

૨. આ અંગે સંબંધિત નગરપાલિકાઓએ નિયત કરેલ જમીન તથા તે ઉપર પે એન્ડ યુઝ બ્લોક બાંધવા અંગેની ડીઝાઇન તેમજ અન્ય શરતો / વિગતો માર્ગ અને મકાન વિભાગ (રાજય) ના પરામર્શમાં રહીને આખરી કરવામાં આવેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

૩. આ હેતુ માટે શકય હોય ત્યાં સુધી (જાહેર ખાનગી ભાગીદારીથી) (PPP) મોડેલથી પે એન્ડ યુઝ ટોઇલેટ બ્લોક બનાવવાના રહેશે.

૪. આ યોજના અંતર્ગત અલ્પાહારની સુવિધા, બાથરૂમ, શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા, પ્રતિક્ષાખંડ ની વ્યવસ્થા રાખી શકાશે.

૫. આ બ્લોકની જાળવણી અને સંચાલન માટે યુઝર ફી દ્વારા ભંડોળ ઉભુ કરવાનું રહેશે તેમજ શક્યતઃ PPP મોડલ આધારિત વ્યવસ્થા ગોઠવવાની રહેશે..

રાજયપલશ્રીના હેકમથી અને તેમના નામે.

(એચ.કે.ઠાકર)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

નકલ જાણ માટે રવાના પ્રતિ,

- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર( સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- સચિવશ્રી માર્ગ અને મકાન વિભાગ
- મુખ્ય ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- ટ્રેઝરી ઓફીસરશ્રી, ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર
- રોકડ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ.